P G V C L

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૫૩૭૭ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૭/ 470 તારીખ: 26/12/17

રજી.એ.ડી દ્વારા

પ્રતિ શ્રી,
જાદવજી લાલજી શાહ,
લાખોદ, એન્કર ફેકટરી,
તા- લાખોદ,
ભુજ - કચ્છ પીન કોડ-૩૭૦૦૦૧

Mobile Number : 9376818587

વિષય:- વીજ બીલની બાકી નીકળતી રકમ રીફંડ આપવા બાબત અંગે.

સદર્ભ:- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૨/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ :- ૧૮/૧૨/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ સાદર રવાના:-

૧. શ્રી એ.એમ.ઢેબર
ચેરમેનશ્રી સી.જી.આર.એફ.ભુજ.
બ્લોક નં.એ.એ. - ૧૦ ઓસ્કાર સોસાયટી,નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ-૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી, સ્વતંત્ર સભ્ય,
૧૦ /૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પૂજારા પ્લોટ મેઇન રોડ,
કુવાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી.આર.વ્યાસ, ટેકનીકલ મેમ્બરશ્રી,ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર,પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ

૪. કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ,,વિભાગીય કચેરી - ભુજ

૫. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી - કુકમા



Scanned by CamScanner

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

* કેસ નં - પીજી ૦૩-૦૦૨-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખઃ- ૦૯-૧૦-૨૦૧૭
* નિર્ણયની તારીખઃ- ૧૮-૧૨-૨૦૧૭

અરજદાર :- શ્રી જાદવજી લાલજી શાહ
અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર વતી તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર છે.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભુજ.
સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિકારી(આવક),ભુજ વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે સુનાવણી તા.૧૩/૧૦/૨૦૧૭, તા.૧૭/૧૧/૨૦૧૭ અને તા. ૧૮/૧૨/૨૦૧૭ના અનુક્રમે ભુજ, ગાંધીધામ તેમજ અંજાર મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા. ૧૩.૧૦.૧૭ ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદી ગ્રાહક શ્રી જાદવજી લાલજી શાહ સંજોગોવસાત હાજર રહી શકેલ નથી. તેથી ન્યાયના હિતમાં અમારી રજુઆતના સદર કેસમાં કરવા માટે એક મુદત આપવા વિનંતી.

ગ્રાહક ફરીયાદી વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી છગનલાલ મેગલજી ઠક્કર રહેવાસી –ભુજ હાજર છે. તેમની રજુઆત છે કે, અમારું હયાત વીજ કનેક્શન ગ્રા.ન. ૬૦૫૪૩/૧૦૩૩૩/૧ વાળું ઘરવપરાશનું કનેક્શન આવેલ. સદરહુ કનેક્શનવાળા મકાનમાં રસોડું વગેરે ૩ રૂમ આવેલા છે. લોડ ૫૦૦ વોટનો છે. લોડની ગણતરી સરેરાશ વપરાશ ૬૦ થી ૭૦ યુનીટનો આવી શકે. સદરહુ મકાન ક્વાર્ટર હોઈ વચ્ચે વચ્ચે અમુક સમયે બન્ધ પણ હોઇ શકે. સદરહુ કનેક્શનનું મીટર પીજીવીસીએલ દ્વારા તા. ૦૯.૧૨.૨૦૧૬ ના રોજ તેમજ તેની જગ્યાએ બીજુ નવું મીટર લગાડવામાં આવેલ. આ કનેક્શનનું ઓક્ટો-નવે-૨૦૧૬ નું બીલ લેબોરેટરી ટેસ્ટીંગ રીપોર્ટમાં દર્શાવેલા ક્લોઝીંગ રીડીંગને આધારે રૂ.૨૨૯૦૪/-(અંકે રૂપિયા બાવીસ હજાર નવસો ચાર પૂરા) નું ૩૩૦૮ યુનીટના વપરાશનું આપવામાં આવેલ. આનાથી અગાઉ ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૬નું બીલ વાંચન ૧ થી ૧૨૧ પ્રમાણે ૧૨૦

Scanned by CamScanner

યુનીટનુ ઈસ્યુ કરવામાં આવેલ. ત્યારબાદ એપ્રીલ-મે-૨૦૧૬ નુ બીલ "લોક" એવરેજ બીલ ૨૦૬ યુનીટનું આપવામા આવેલ. ત્યારબાદ જુલાઇ-ઓગસ્ટ -૨૦૧૬ નું બીલ તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૬ નું બીલ ફોલ્ટી (નોન વર્કિંગ) ગણી એવરેજ ૨૬ યુનીટનું ઇસ્યુ કરવામા આવેલ.નવુ વીજ મીટર લાગ્યા પછી ડિસેમ્બર-જાન્યુ-૨૦૧૭ નું બીલ ૧ થી ૩૧૬ વાંચન ગણી ૩૧૫ યુનીટ નું ઇસ્યુ થયેલ. ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૭ નું બિલ ૩૧૬ થી ૪૮૬ ગણી ૧૭૦ યુનીટ નું ઇસ્યુ કરવામાં આવેલ. લેબોરેટરી ટેસ્ટ રિપોર્ટ પ્રમાણે જુના મીટરના છેલ્લા રીડીંગ બિલમાં ક્લોસિંગ રીડીંગ ૧૨૧ બતાવેલ છે. આમ, ઉતારેલા જુના મીટર માં તા. ૦૬.૧૦.૨૦૧૬ થી ૦૯.૧૨.૨૦૧૬ સુધીના સમય દરમ્યાન વપરાશ ૩૩૦૮ યુનીટ દર્શાવે છે. લાઈટીંગ નાં લોડ પ્રમાણે અને મીટરની કેપેસિટી પ્રમાણે ૨ માસમાં આટલો વપરાશ સંભવ નથી.જેથી મીટરમાં ખામી નાં કારણે કોઈ આંકડા પડી ગયા હોય તેવું સંભવ છે. મીટર ઉતાર્યા નાં છ માસ પહેલા તેમજ નવા મીટર લગાવ્યા પછીનાં ૬ માસમાં કે જે મીટર બરાબર છે તેના વપરાશ ની સરેરાશ ધ્યાનમાં લેવામાં આવે તો પણ એ વપરાશ સંભવ નથી. એટલે મીટરમાં વીજવપરાશને ઈફેક્ટ કરતા ઇન્સ્ટ્રુમેન્ટ માં ખામી હોઈ શકે.લેબોરેટરી પ્રમાણેનાં તફાવત ના બીલ ઇસ્યુ કરવાને કારણે અસાધારણ બીલ આપવા માટે અરજી કરેલ. જેનો કોઈ પ્રત્યુતર મળેલ નથી. પરંતુ અમને તકલીફ થાય તે રીતે કનેકશન કાપી નાખવામાં આવેલ. અમોએ કરેલી અરજીની નકલ અમોએ આ તકરાર અરજી સાથે સામેલ રાખેલ છે. આ ઉપરાંત અમોને ઇસ્યુ કરવામાં આવેલ ફેબ્રુ-૨૦૧૬ થી સપ્ટે-૨૦૧૬ તથા ડિસે-૨૦૧૬ થી માર્ચ-૨૦૧૭ માં અમારું કનેક્શન ડીસ કનેકટ કરવામાં આવેલ છે. એપ્રિલ-મેં-૨૦૧૭ નું બિલ માર્ચ ૨૦૧૭ માં કનેક્શન કાપી નાખેલ હોવા છતાં તા.૧૭.૦૬.૨૦૧૭ નાં ફોલ્ટી ગણીને ૧૨૬૦ યુનિટનું એટલે કે રૂ.૯૨૭૩/- નું ઇસ્યુ કરવામાં આવેલ છે. ત્યારબાદ અમને તો બિલ મળતા નથી છતાં એકાઉન્ટ માં હાલ સુધી થતા હોય તો રેકોર્ડ જોવાથી ખાતરી થાય. આમ, સ્થળ ઉપર મીટર ન હોવા છતાં ફોલ્ટી ગણીને બીલ ઈસ્યુ થયેલ છે. ડિસે-જાન્યુ-૨૦૧૭ નાં બીલ રેકોર્ડ માં રૂ.૧૭૮૧/- ચાર્જ કરવામાં આવેલ છે. તે શું બાબતના છે તે તપાસવા પણ અમારી રજૂઆત છે. અમોએ પીજીવીસીએલ ને અરજી કરી, કઈ તારીખે ડિસ્કનેક્શન કરવામાં આવેલ તથા મીટર નાં ક્લોસિંગ રીડીંગ તે વખતે શું હતા ? તે જણાવવા માંગણી કરેલ . પરંતુ તેનો પણ અમને પ્રત્યુતર મળેલ નથી.

મારી ઉપરોક્ત રજૂઆત ને આધારે મને ઈસ્યુ કરવામાં આવેલ રૂ.૨૨૯૦૪/- નું બીલ રદ કરવા તેમજ ડિસે-જાન્યુ-૨૦૧૭ નાં બીલ રેકોર્ડ માં રૂ. ૧૭૮૧/- રીફંડ એડજસ્ટ કરવા તથા કનેક્શન ખોટી રીતે કાપેલ હોય ફરીથી કોઈપણ જાતનું વધારાનો ચાર્જ લીધા સિવાય ચાલુ કરી આપવા વિનંતિ.

## પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા. ૧૩.૧૦.૧૭ ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં પી.જી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર ભુજ હાજર રહી શકેલ નથી તેમના વતી શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિક્ષક ભુજ હાજર છે અને તેમની રજુઆત છે કે સદર ગ્રાહકનુ વીજ કનેક્શન ગ્રા.નં. ૬૦૫૪૩/૧૦૩૩૩/૧ લાખોંદ મુકામે એંકરની કોલોનીમાં આવેલ છે. સદર વીજ કનેકશન માહે ફેબ્રુઆરી-૨૦૧૬ ના રોજ તા.૨૪.૦૨.૧૬ ના ચાલુ થયેલ અને પ્રથમ બીલ તા.૧૩.૦૪.૧૬ના રોજ ૧૨૦ યુનીટનુ આપવામા આવેલ ત્યારબાદ માહે એપ્રિલ-મે-૨૦૧૬ થી ઓગસ્ટ-સપ્ટે-૨૦૧૬ સુધીના સમયગાળા ના વીજબીલ ૨૬ યુનીટ ની પ્રતિમાસની એવરેજ મુજબ મીટરનો ડિસ્પ્લે બંધ થઇ જતા આપવામા આવેલ. એટલે કે એપ્રિલ-મે-૨૦૧૬ નુ વીજબીલ ૨૬ યુનીટનુ "લોક" નુ આપવામા આવેલ પરંતુ સીસ્ટમે અગાઉનુ લોક લેતા ૫૨ યુનીટનુ બીલ બનાવેલ. ઓગસ્ટ-સપ્ટે-૨૦૧૬ નુ વીજબીલ પણ ૨૬ યુનીટનુ આવતા ફોલ્ટીનુ આપવામા આવેલ. તા.૦૯.૧૨.૧૬ ના રોજ વીજમીટર બદલવામા આવેલ .મીટર બદલતા સમયે વીજ મીટરના રીડીંગ ૩૪૨૯ સ્થળપર માલૂમ પડેલ. સ્થળ પર પર્ફોમા ન.૧૫ ભરવામા આવેલ છે. બીલીંગ રેકર્ડ મુજબ જે વીજબીલ મીટર રીડીંગ જોઇને આપવામાં આવેલ (પ્રથમ વીજબીલ ૧૩.૦૪.૧૬ મા દર્શાવેલ છેલ્લા રીડીંગ ૧૨૧ યુનીટ ) બાદ કરતા ૩૩૦૮ યુનીટનો વીજવપરાશનુ બીલ માટે ઓક્ટો-નવેમ્બર-૨૦૧૬ ના વીજબીલ તા.૧૦.૧૨.૧૬ ના રોજ આપવામા આવેલ. આમ સદર ૩૩૦૮

Scanned by CamScanner

[illegible]ો વીજવપરાશ છેલ્લા ૪ બીલીંગ સાઇકલનો એટલે કે ૮(આઠ) માસનો ગણાય. જે મુજબ પ્રતિ ૨ માસનો સરેરાશ વપરાશ ૮૨૭ યુનીટનો થાય છે. વિવાદિત ૩૩૦૮ યુનીટનું વીજબીલ અરજદારે ભરપાઇ કરેલ નથી. જેથી હંગામી ધોરણે અરજદારનુ વીજ કનેક્શન તા.૧૧.૦૨.૧૭ પછી લેબ રીપોર્ટ માં મીટર ઓકે આવી જતા કાપી નાખવામા આવેલ છે. આ સમયગાળા દરમીયાનનુ એટલે કે ઓક્ટો-નવે-૨૦૧૬ નુ સદર વિવાદીત બીલ ૩૩૦૮ યુનીટનુ જે આપવામા આવેલ ત્યારબાદ પ્રતિ બેમાસે આપવામા આવેલ વીજબીલ અનુક્રમે ડીસે-જાન્યુ-૨૦૧૭ મા નવા મીટરમાં નોંધાયેલ વીજ વપરાશ ૩૧૫ યુનીટનો માલુમ પડેલ અને તે મુજબનુ વીજબીલ લેબ ચકાસણી ની તા.૧૧.૦૨.૧૭ પહેલા નુ હોઇ સ્વીકારવામાં આવેલ એટલે કે સદર વીજબીલ ૩૧૫ યુનીટનુ અરજદારે ભરપાઇ કરેલ છે. ત્યારબાદ ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૭ નુ વીજબીલ જે તા.૧૧.૦૪.૧૭ ના રોજ ૧૭૦ યુનીટનુ આપવામા આવેલ, જે પણ અરજદારે ભરપાઇ કરેલ છે.

આજરોજ તા. ૧૭.૧૧.૧૭ ના રોજ ગાંધીધામ મધ્યેની સીજીઆરએફ ની બેઠકમાં પી.જી.વી.સી.એલ.વતી શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિક્ષક ભુજ હાજર છે અને તેમની રજુઆત છે કે ;

૧. શ્રી જાદવજી લાલજી શાહ ગ્રા.નં. ૬૦૫૪૩/૧૦૩૩૩/૧ નું વીજ કનેક્શન તા. ૨૪/૦૨/૨૦૧૬ નાં રોજ રીલીઝ થયેલ . રીલીઝ સમય ગ્રાહકનો કોન્ટ્રાક્ટ લોડ ૫૦૦ વોટનો હતો.

૨. સદરહુ ગ્રાહકની ભુજ સીજીઆરએફમાં તા.૨૮/૦૯/૨૦૧૭મા ફરિયાદ આવ્યા બાદ સ્થળ મુલાકાત કરતા સદરહુ એક મીટર માંથી ચાર ક્વાર્ટરમાં સબમીટર દ્વારા વિજ વપરાશ થતો માલુમ પડેલ.

૩.સદરહુ કનેક્શન તારીખ ૨૪/૦૨/૨૦૧૬ નાં ચાલુ થયા બાદ પ્રથમ બિલ માસ ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૬ નું તા.૧૩/૦૪/૨૦૧૬ નાં રોજ રકમ રૂ.૫૪૯.૦૬ નું કુલ ૧૨૧ યુનીટ નું આપવામાં આવેલ જે ગ્રાહકે ભરપાઈ કરી આપેલ.

૪.ત્યારબાદ એપ્રિલ-મેં-૨૦૧૭ નું લોકનું બિલ તા.૦૩/૦૬/૨૦૧૬ નાં રોજ આપવામાં આવેલ. જે ગ્રાહકે ભરપાઈ કરી આપેલ.

૫.ત્યારપછીનાં બે બીલ માસ જુન થી માસ સપ્ટેમ્બર-૧૬ મીટર માં ડિસ્પ્લે ન દેખાતા સિસ્ટમ મુજબની સરેરાશ વપરાશ ૨૬ યુનીટ પ્રમાણે ગ્રાહકને બિલ આપવામાં આવેલ. જે સદરહુ ગ્રાહકને ભરપાઈ કરેલ નહિ.

૬.સદરહુ બે બીલ સતત ફોલ્ટીનાં અપાતા તા.૦૯/૧૨/૨૦૧૬ નાં રોજ સદરહુ મીટર બદલવા જતા સ્થળ પર જુના મીટરમાં છેલ્લા રીડીંગ ૩૪૨૯ દેખાતા કુલ તફાવત નાં ૩૩૦૮ યુનીટનું રૂ.૨૨૯૦૪/-નું બીલ બનેલ. આમ છતાં તા.૦૯/૧૨/૨૦૧૬ નાં રોજ નવું મીટર મુકવામાં આવેલ.

૭.નવું મીટર મુક્યા પછી તા.૦૪/૦૨/૨૦૧૭ નાં રોજ માસ ડિસે-જાન્યુ -૨૦૧૭ નું તા.૦૪/૦૨/૨૦૧૭ નાં રોજ નવા મીટરનું પ્રથમ બિલ કુલ ૩૧૫ યુનીટ નું મીટર બદલ્યા તારીખ ૦૯/૧૨/૨૦૧૬ થી કુલ ૫૭ દિવસનું એટલે કે પ્રતિ યુનીટ ૫- ૫૨ યુનીટ વપરાશ પ્રતિ દિવસ થાય છે. જે વપરાશ શિયાળા નાં સમયગાળા નો હોઈ, વપરાશ ઉપર મુજબ પ્રતિદિન પ્રતિ યુનીટ હોઈ શકે.

૮. ઉતારેલ મીટર તા.૧૧/૦૨/૨૦૧૭ નાં રોજ લેબમાં ચેક કરતા મીટર બરાબર માલુમ પડેલ પડેલ અને આમ ઉતરેલ મીટરમાં નોધાયેલ તફાવતના યુનીટનો વીજ વપરાશ ૩૩૦૮ યુનીટનો ઉનાળાના સમયગાળા નો તા.૧૩/૦૪/૨૦૧૬ થી તા.૦૯/૧૨/૨૦૧૬ સુધીનો કુલ ૨૪૧ દિવસનો વપરાશ પ્રતિ દિવસના ૧૩.૭૨ યુનીટ થાય છે.

૯. સ્થળ ચકાસણી દરમ્યાન એમ પણ માલુમ પડેલ છે કે સદર કનેક્શનની આસપાસ કંપનીએ બીજા ચાર ક્વાર્ટર્સ માં સબમીટર દ્વારા વિજ વપરાશ થતો હતો, આમનાં ઉપરથી એ પ્રસ્થાપિત થાય છે કે ફરિયાદી એ માંગેલ વીજભાર કોન્ટ્રાક્ટ લોડ કરતા હકીકતમાં વધારે વીજ વપરાશ થતો હોવાનું માલુમ પડેલ છે. આથી જે વિજ વપરાશ ખરેખર નોંધાયેલ છે. જે ૩૩૦૮ યુનીટનું બીલ કંપની નાં નિયમ મુજબ વસુલવાને પાત્ર છે.

વિશેષમાં આજની બેઠકમાં ફરિયાદી ની રજૂઆત જે ૧૨૬૦ નાં વીજબીલની છે. આ બીલ એપ્રિલ-મેં-૨૦૧૭ નું ફોલ્ટી સ્ટેટસ નું છે. જે કંપનીનાં નિયમ અનુસાર રદ થવાને પાત્ર છે. ફરિયાદી ની રજુયાત મુજબ સ્થળ પરથી મીટર ઉતારેલ જ નથી. જે માર્ચ ૨૦૧૭ માં કરવામાં આવેલ છે. આથી કંપનીના નિયમાનુસાર મીનીમમ બીલ આપવાપાત્ર છે અને જે કંપનીના નિયમ મુજબ વસુલવાપાત્ર પણ છે.

Scanned by CamScanner

# <u>નિષ્કર્ષ</u>

(૩) બન્ને પક્ષકારોની લેખિત-મૌખિક રજૂઆતો અને ફાઈલમાં પડેલા પુરાવાઓને ધ્યાને લેતાં ફરિયાદીની મુખ્યત્વે ફરિયાદ તેમના હયાત વીજકનેક્શન ગ્રાહક નં.૬૦૫૪૩/૧૦૩૩૩/૧ ગામ=લાખોંદના વીજકનેક્શનમાં સરેરાશ વીજવપરાશ ૬૦ થી ૭૦ યુનિટનો પ્રતિ દરેક બીલમાં આવે છે. માહે ફેબ્રુ-માર્ચ૨૦૧૬નું વીજબીલ ૧૨૦ યુનિટનું , એપ્રિલ-મે-૨૦૧૬નું વીજબીલ 'લોક'નું ૨૬ યુનિટનું અને ત્યારબાદ બે વીજબીલો એવરેજ ૨૬ યુનિટના માહે ઓગસ્ટ-સપ્ટે-૨૦૧૬ સુધીમાં આપવામાં આવેલ. ત્યારબાદ વીજમીટર તા. ૦૯/૧૨/૨૦૧૬ના રોજ બદલવામાં આવેલ. ત્યારબાદ ઓક્ટો-નવે-૨૦૧૬નું વીજબીલ ૩૩૦૮ યુનિટનું અંકે રૂ. ૨૨,૯૦૪/-(અંકે રૂપિયા બાવીસ હજાર નવસો ચાર પૂરા)નું આપવામાં આવેલ. જે વપરાશ વીજ મીટરમાં ઉતારતી વખતે માલૂમ પડેલ તે દર્શાવેલ છે. ખરેખર અમારો વીજભાર ૩૩૦૮ યુનિટનો શક્ય નથી. આ વીજભાર વધારે જણાય છે જે આટલા સમયમાં ન હોઈ શકે એવું અમારું માનવું છે. વીજમીટર બદલ્યા પછીના વીજબીલો અનુક્રમે ડિસે-૨૦૧૬/જાન્યુ-૨૦૧૭ થી માર્ચ-૨૦૧૭ સુધીમાં આપવામાં આવેલ તે અનુક્રમે ૩૧૫ યુનિટ અને ૧૭૦ યુનિટ સુધીના વપરાશના આપવામાં આવેલ છે. વિશેષમાં અમારી રજૂઆત છે કે, મીટર ઉતાર્યાના છ માસ પહેલાં અને નવું મીટર લગાડ્યાના છ માસમાં જે વીજ વપરાશ વીજમીટરમાં નોંધાયેલ છે તે બરાબર છે. આમ, ખરેખર થયેલ વીજવપરાશના સરેરાશને ધ્યાનમાં લેવામાં આવે તો પણ માહે ઓક્ટો-નવે-૨૦૧૬ના વીજબીલમાં ૩૩૦૮ યુનિટના વીજ વપરાશ સંભવ નથી. અમારા માનવા મુજબ વીજ મીટરમાં કોઈ ખામીને કારણે આંકડા પડી ગયા હોય તેની સંભાવના છે. અમોને આપવામાં આવેલ ૩૩૦૮ના બીલનો કોઈ પ્રત્યુત્તર આપવામાં આવેલ નથી. માર્ચ-૨૦૧૭માં કનેક્શન કાપી નાખવામાં આવેલ. આમ છતાં એપ્રિલ-૨૦૧૭નું વીજબીલ તા.૧૭-૦૬-૨૦૧૭ના રોજ ફોલ્ટી ગણી ૧૨૬૦ યુનિટનું આપવામાં આવેલ છે. ત્યારબાદ અમોને એક પણ વીજબીલ મળેલ નથી. આમ સ્થળ પર મીટર ન હોવા છતાં મીટર ફોલ્ટી ગણીને બીલ ઈસ્યુ થયેલ છે. અમોને રીસીવ કરવામાં આવે. વીજબીલ ૩૩૦૮ યુનિટનું અંકે રૂ. ૨૨,૯૦૪/-(અંકે રૂપિયા બાવીસ હજાર નવસો ચાર પૂરા)નું રદ કરવા ડિસે-૨૦૧૬/જાન્યુ-૨૦૧૭નું બીલ રેકર્ડમાં ૧૭૮૧/-(અંકે રૂપિયા એક હજાર સાતસો એક્યાશી પૂરા)નું રીફંડ એડજસ્ટ કરવા તેમજ અમારું વીજ કનેક્શન ખોટી રીતે કાપેલ હોઈ તે ફરીથી કોઈ પણ જાતના વધારાના ચાર્જ લીધા વગર ચાલુ કરી આપવા ફોરમ સમક્ષ વિનંતી છે.

સામા પક્ષે પીજીવીસીએલની રજૂઆત છે કે, ફરિયાદીનું કનેક્શન નં.૬૦૫૪૩/૧૦૩૩૩/૧ ગામ લાખોંદમાં એન્કર કોલોનીમાં તા.૨૪-૦૨-૨૦૧૬ના રોજ ચાલુ કરવામાં આવેલ. ત્યારબાદ પ્રથમ વીજબીલ માહે ફેબ્રુ-માર્ચ-૨૦૧૬નું ૧૨૦ યુનિટ મુજબ તા.૧૩-૦૪-૨૦૧૬ના રોજ આપવામાં આવેલ. ત્યારબાદ વીજમીટરનો ડીસ્પ્લે બંધ થઈ જતાં માહે એપ્રિલ-મે-૨૦૧૬ થી ઓગસ્ટ-સપ્ટે-૨૦૧૬ સુધીના સમયગાળાના વીજબીલો ૨૬ યુનિટની એવરેજ મુજબના આપવામાં આવેલ. એટલે કે એપ્રિલ-મે-૨૦૧૬ નું વીજબીલ ૨૬ યુનિટનું લોક આપવામાં આવેલ. પરંતુ સિસ્ટમે અગાઉનું લોક લેતાં ૫૨(બાવન)યુનિટનું વીજબીલ બનાવેલ. તા.૦૯-૧૨-૨૦૧૬ના રોજ ૧૧ દિને ત્યાં લગાડવામાં આવેલ મીટરનો ડીસપ્લે બંધ હોતાં બદલવામાં આવેલ. મીટર બદલતી વખતે વીજમીટરના રીડીંગ ૩૪૨૯ સ્થળ પર માલૂમ પડેલ મીટર બદલ્યા પછીનું પ્રથમ બીલ તા.૧૩-૦૪-૨૦૧૬ના રેકર્ડ મુજબ છેલ્લા વીજમીટરના રીડીંગ ૧૨૧ યુનિટને બાદ કરીને તફાવતના ૩૩૦૮ યુનિટના વીજવપરાશનું બીલ માહે ઓક્ટો-નવે-૨૦૧૬નું તા. ૧૦-૧૨-૨૦૧૬ના રોજ આપવામાં આવેલ. ઉપરોક્ત રજૂ થયેલ હકીકતોના આધારે ૩૩૦૮ યુનિટનો વીજવપરાશ છેલ્લા ૪ બીલીંગ સાયકલનો એટલે કે આઠ માસનો ગણાય. આ વપરાશ મુજબ પ્રતિ માસનો સરેરાશ વપરાશ ૮૨૭ યુનિટનો થયેલો ગણાય. આમ, ૩૩૦૮ યુનિટનું વીજવપરાશનું બીલ કંપનીના નિયમાનુસાર યોગ્ય અને ખરેખર થયેલ વીજવપરાશ મુજબનો છે. સદર તકરારી વીજબીલ ૩૩૦૮ યુનિટનું ફરિયાદીએ ભરપાઈ કરેલ નથી. વીજમીટર બદલ્યા બાદ અનુક્રમે નવા મીટરમાં વીજમીટર બદલ્યા બાદ અનુક્રમે નવા મીટરમાં

Scanned by CamScanner

નોંધાયેલ વીજવપરાશ ૩૧૫ યુનિટનો માહે- ડિસે-૨૦૧૬/જાન્યુ-૨૦૧૭ માં અને ફેબ્રુ-માર્ચ-૨૦૧૭નું વીજબીલ ૧૭૦ યુનિટનું આપવામાં આવેલ. સ્થળ પર ચકાસણી કરતાં ફરિયાદીના કરારિત વીજભાર ૫૦૦ વોલ્ટની સામે સદર વીજકનેક્શનના વીજમીટરમાંથી ૪ ક્વાર્ટરમાં વીજ વપરાશ થતો માલૂમ પડેલ. આમ, કરારિત વીજભાર સામે ૪ ક્વાર્ટરનો વીજભાર જોતાં જોડાયેલ વીજભાર ૫૦૦ વોલ્ટથી વધુ હોવો જોઈએ. આમ, ૪ ક્વાર્ટરનો વીજ વપરાશ ધ્યાનમાં લેવામાં આવે તો ૩૩૦૮ યુનિટનો વીજ વપરાશ જે છેલ્લા ૪ બીલીંગ સાયકલનો છે તે યોગ્ય અને વાસ્તવિક છે. અરજદારની રજૂઆત મુજબ સદર વીજકનેક્શનનું વીજમીટર ઉતારવામાંઆવેલ નથી. પરંતુ વીજ કનેક્શન હંગામી ધોરણે ડીસકનેક્શન વીજબીલના નાણા ન ભરવાથી ડીસકનેક્શન કરેલ છે.

ઉપરોક્ત રજૂઆતોને મૂલવતાં અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે; ફરિયાદીને આપવામાં આવેલ તકરારી વીજબીલ માહે ઓક્ટો-નવે-૨૦૧૬નું ૩૩૦૮ યુનિટનું રદ થવા પાત્ર છે. કારણકે પ્રતિ બે માસમાં ૪ બીલીંગ સાયકલને ધ્યાને લેતાં સરેરાશ વીજવપરાશ ૮૨૭ યુનિટનો વાસ્તવિક તેમજ ન્યાયી હોઈ શક્ય નથી. આથી નામદાર જી.ઈ.આર.સી.ના નોટિફિકેશન ૨૦૧૫ની કલમ ૬.૫૮ મુજબ વીજમીટર બદલ્યા તા.૦૯-૧૨-૨૦૧૬ પછીના સમયગાળાના અપાયેલ વીજબીલોમાં વાસ્તવિક નોંધાયેલ વીજવપરાશ મુજબનું સરેરાશ પ્રતિ દિવસ ૫.૫૨ યુનિટ મુજબ માહે એપ્રિલ-મે-૨૦૧૬ થી ઓક્ટો-નવે-૨૦૧૬ સુધીના સમયગાળાના રીવાઈઝ્ડ વીજબીલ ફરિયાદીને આપવા જોઈએ અને તકરારી વીજબીલ ૩૩૦૮ યુનિટનું રદ કરવું જોઈએ. ફરિયાદીની ફરિયાદ અંશત: માન્ય રાખવામાં આવે છે.

## હુકમ

(૪) ફરિયાદીને આપવામાં આવેલ તકરારી વીજબીલ ઓક્ટો-નવે.૨૦૧૬નું ૩૩૦૮ યુનિટનું રદ કરીને વાસ્તવિક સરેરાશ વીજવપરાશ મુજબના માહે એપ્રિલ-મે-૨૦૧૬થી નવે-ડીસે-૨૦૧૬ના સમયગાળાના વીજબીલો સરેરાશ પ્રતિદિન વીજવપરાશ ૫.૫૨ યુનિટ મુજબના આપવાનો આથી હુકમ કરવામાં આવે છે. ફરિયાદીની ફરિયાદ અંશત: માન્ય રાખવામાં આવે છે.

સ્થળ : અંજાર-કચ્છ
તારીખ : ૧૮-૧૨-૨૦૧૭

(એન.એચ.જોષી)
સ્વતંત્ર સભ્યશ્રી
સીજીઆરએફ,
પીજીવીસીએલ,ભુજ.

(એ.એમ.ઢેબર)
પ્રમુખશ્રી
સીજીઆરએફ,
પીજીવીસીએલ,ભુજ.

Scanned by CamScanner